PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

<u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/કવા–૦૧/૧૭–૧૮/ ૪૦૬૪ તા ૨૬/૦૫/૧૭

<u>રજી. એ.ડી. પત્ર</u>

પ્રતિ,
ધનજીભાઈ લાધાભાઈ કપુરીયા,
ગામ: બેરાજા (પસાયા),
<u>તા. જામનગર</u>
<u>જી. જામનગર</u>
મો: ૯૭૭૭૭ ૮૨૩૫૦ – ૫૧

**વિષય :–એક સર્વેનંબર મા બીજુ ખેત જોડાણ મેળવવા માટે**
**<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૮/કવા–૦૧/૧૭–૧૮ )</u>**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૪)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૧૮/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ધનજીભાઈ લાધાભાઈ કપુરીયા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ધનજીભાઈ લાધાભાઈ કપુરીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

**રજુઆત કરનાર :કે.એન.ખારા (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

## : હુકમ :

**ફરીયાદ : એક સર્વેનંબર મા બીજુ ખેત જોડાણ મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ:બેરાજા (પસાયા) ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) મા આવેલ કુલ ૦૨ કુવા માહેના, ૦૧ કુવા પર ખેતીવાડી વીજજોડાણ નં. : ૮૫૫૨૮ /૦૦૨૨૯ /૦ હૈયાત છે. જયારે, તેઓ શ્રી ની હાલ ના તબ્બકે, ની નવા અને બીજા ખેતીવાડી વીજજોડાણ, કે જેનો ઉપયોગ, આ જ સર્વે નંબર ના બીજા કુવા પર જોડાણ મેળવવા માટે નો છે, તે અરજી પરત્વે, પીજીવીસીએલ તરફથી ના મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લેવાયેલ હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ધનજીભાઈ લાધાભાઈ કપુરીયા ની તેમના ગામ:બેરાજા (પસાયા) ખાતે ના સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) ની જમીન પર, તેઓશ્રી ની અગાઉ તા.૦૨–૧૧–૧૧ ના રોજ નોંધાવેલ એવી, સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપા ની, ખેતીવાડી ની અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, પીજીવીસીએલ તરફથી માંગણી મુજબ ના સ્થળ નુ સવેક્ષણ હાથ ધરાયેલ હતુ. સર્વેક્ષણ દરમ્યાન, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સ્થળ – સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) ની જમીન પર,આવેલ કુલ ૦૨ કુવાઓ માહેના ૦૧ કુવા પર – એક ખેતીવાડી વીજજોડાણ નં. : ૮૫૫૨૮ /૦૦૨૨૯ /૦ ( ૭.૫ હોપા – હોપા ટેરીફ) હૈયાત હોય અને ચાલુ હોવાની બાબત સ્પષ્ટ જણાયેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવા જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' એકજ વ્યકિત ની માલીકી ના, એક જ સ્થળ પર, તે જ વ્યકિતના નામે, એક જ જોડાણ મળવા પાત્ર છે. '' આવા નિયમાધીન કારણોસર – એટલેકે, માંગણી મુજબ ના સ્થળ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) એક કુવા પર એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત હોય, જેથી અરજદાર શ્રી ને, તેઓશ્રી ની અગાઉ તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની, સદર ખેતીવાડી સર્વે નંબર : ૭૦ મા આવેલ બીજા કુવા પર જોડાણ આપી શકાય નહી. તે મુજબ નુ મંતવ્ય, ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતો ઉપરાંત ના તાજેતર મા, સરકાર શ્રી ની માર્ગદર્શક જોગવાઈઓ ને આનુષાંગીક રહી અને પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૦૪૪, તા.૨૫–૧૦–૧૬ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' જેખેતીવાડી સર્વે નંબર ૦૮ એકર થી મોટો હોય, તો આવા સર્વે નંબર મા, બીજુ ખેતીવાડી વીજજોડાણ આપી શકાય. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ના માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) વાળુ સ્થળ, ૦૮ એકર થી નાનુ છે. જે મુજબ પણ, સરકાર શ્રી ના આ ધારાધોરણ અન્વયે ની જોગવાઈઓ મુજબ |

| | |
|---|---|
| | બીજુ જોડાણ મળી શકે નહી. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી ની સદર બીજા જોડાણ ની અરજી, જે સરકાર શ્રી ના સદર માર્ગદર્શક હુકમ તા.૧૮–૧૦–૧૬ પહેલા નોંધાયેલ હોવી ન જોઈએ, પરંતુ, તા.૧૮–૧૦–૧૬ પછી થી જ નોંધાયેલ હોવી જરૂરી છે – જ્યારે, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી તા.૦૨–૧૧–૧૧ ના રોજ નોંધાયેલ છે, એટલેકે તા.૧૮–૧૦–૧૬ પહેલા નોંધાયેલ છે. પરંતુ, તા.૧૮–૧૦–૧૬ પછી નોંધાયેલ નથી.'' વિશેષ મા, આ મુજબ ની જોગવાઈ ના અનુસંધાને પણ, અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) ની જમીન પર બીજુ જોડાણ આપી શકાય નહી. તે મુજબ નુ મંતવ્ય, ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ધનજીભાઈ લાધાભાઈ કપુરીયા ની તેમના ગામઃ બેરાજા (પસાયા) ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) ની જમીન પર આવેલ કુલ બે કુવાઓ માહેના, એક કુવાં પર, એક ખેતીવાડી વીજજોડાણ નં. : ૮૫૫૨૮ /૦૦૨૨૯ /૦ ( ૭.૫ હોપા – હોપા ટેરીફ) હૈયાત હોય, તે જ સર્વે નંબર ના બીજા કુવા પર, તેઓશ્રી ની અગાઉ તા.૦૨–૧૧–૧૧ ના રોજ નોંધાવેલ એવી, સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપા ની, ખેતીવાડી ની અરજી અન્વયે, નવુ જોડાણ મેળવવા, ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરેલ છે. |
| **૩.૨** | પરંતુ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' એકજ વ્યકિત ની માલીકી ના, એક જ સ્થળ પર, તે જ વ્યકિતના નામે, એક જ જોડાણ મળવા પાત્ર છે. '' આવા નિયમાધીન કારણોસર -- એટલેકે, માંગણી મુજબ ના સ્થળ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) પરના એક કુવા પર એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત હોય – જેથી અરજદાર શ્રી ને, તેઓશ્રી ની અગાઉ તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની, સદર ખેતીવાડી સર્વે નંબર : ૭૦ મા આવેલ બીજા કુવા પર જોડાણ આપી શકાય નહી, તે મુજબ નુ પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૧ મુજબ નુ મંતવ્ય ફોરમ કમિટી તરફથી માન્ય રાખવામા આવે છે. |
| **૩.૩** | વિશેષ મા, તાજેતર મા, સરકાર શ્રી ની માર્ગદર્શક જોગવાઈઓ ને આનુષાંગીક રહી અને પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૦૪૪, તા.૨૫–૧૦–૧૬ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' જેખેતીવાડી સર્વે નંબર ૦૮ એકર થી મોટો હોય, તો આવા સર્વે નંબર મા, બીજુ ખેતીવાડી વીજજોડાણ આપી શકાયં. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ના માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) વાળુ સ્થળ, ૦૮ એકર થી નાનુ છે. જે મુજબ પણ,સરકાર શ્રી ના આ ધારાધોરણ અન્વયે ની જોગવાઈઓ મુજબ બીજુ જોડાણ મળી શકે નહી. વિશેષ મા, સદર બીજા જોડાણ ની અરજી ની નોંધણીચાર્જે ભરપાઈ કરાયા મુજબ ની નોંધણી – જે સરકાર શ્રી ના સદર માર્ગદર્શક હુકમ તા.૧૮–૧૦–૧૬ પહેલા નોંધાયેલ હોવી ન જોઈએ, પરંતુ, તા.૧૮–૧૦–૧૬ પછી થી જ નોંધાયેલ હોવી જરૂરી છે – જ્યારે, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી તા.૦૨–૧૧–૧૧ ના રોજ નોંધાયેલ છે, એટલેકે તા.૧૮–૧૦–૧૬ પહેલા નોંધાયેલ છે. પરંતુ, તા.૧૮–૧૦–૧૬ પછી નોંધાયેલ નથી.'' જેથી, આ મુજબ ની જોગવાઈ ના અનુસંધાને પણ, અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) ની જમીન પર બીજુ જોડાણ આપી શકાય નહી. તે મુજબ નુ પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૨ મુજબ નુ મંતવ્ય ફોરમ કમિટી તરફથી માન્ય રાખવામા આવે છે. |
| **૩.૪** | તેમ છતા, સદર કેઈસ, જે એક ખેડુત અરજદાર નો હોય, વર્ષો ની પ્રતિક્ષા બાદ, સદર ખેડુત ફરીયાદી એવા શ્રી લખમણભાઈ રામજીભાઈ રાઠોડ ની તા.૦૨–૧૧–૧૧ ના રોજ નોંધાયેલ એવી, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ હોય, આવા સમયે, ફરીયાદી એવા ખેડુત ફરીયાદી શ્રી ને, સદર અરજી પરત્વે નવુ જોડાણ આપવાની એક તક આપવાની બાબત, જે ફોરમ કમિટી ને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જે મુજબ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી, '' ખાસ કરીને નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજીઓ / સદર મંજુરી ની પ્રક્રીયા અન્વયે ના અપાયેલ ભાવપત્રક અને તે અન્વયે, ખેતીવાડી જોડાણ આપવા બાબતે ની જોગવાઈ ઓ'', જે – આવી મંજુરી ની પ્રક્રીયા આવેલ અરજીઓ / ભાવપત્રકો, જે ૦૧ વર્ષ ની સમયમર્યાદા સુધી મુદત વધારો આપવા માટે ની જોગવાઈઓ છે. |

| | |
|---|---|
| ૩.૫ | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતે ની પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવી નવા ખેતીવાડી જોડાણો માટે ની માર્ગદર્શક જોગવાઈઓ ને ધ્યાને લેતા, '' સદર ૦૧ વર્ષ ની સમયમર્યાદા સુધી મા, જો અરજદાર શ્રી – તેમની માંગણી મુજબ નો સદર ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) જે તેમના અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે, વારસાઈ એન્ટ્રી મુજબ, સદર સર્વે નંબર ને, ૦૨ અથવા તો તેથી પણ વધારાંના ભાગો મા વિભાજીત કરશે તો, સદર મુળ તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે સદર મુળ ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ના વિભાજીત કરાયેલ એવા અન્ય પૈકી વાળા ભાગ મા આવેલ અન્ય કુવા / બોર પર – સદર મુળ તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની અરજી વાળુ જોડાણ – જે, જરૂર જણાયે, વીજભાર વધારા / શીફટીગ અને નામ બદલી સાથે પીજીવીસીએલ તરફથી આપવામા આવશે. અથવાતો સદર પેટા વિભાગીય કચેરી એવી હાપા કચેરી ના વહીવટીય કાર્યક્ષેત્ર હેઠળ ના અન્ય ગામો મા આવેલ એવી, અરજદાર શ્રી અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ જમીન પર, સદર મુળ તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે જરૂર જણાયે વીજભાર વધારા / શીફટીગ / નામ બદલી સાથે મેળવી શકશે. તે મુજબ ની અરજદાર શ્રી તેમજ પીજીવીસીએલ પક્ષકાર, એમ બન્ને પક્ષકારો ને જાણકારી આપવાનો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૬ | આમ, ઉપરોક્ત મુદ્દા નં.૩.૫ ને આનુષાંગીક રહેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને આ મુજબ ની, મુળ ગામ ના મુળ સર્વે નંબર તેમજ હાપા પેટા વિભાગીય કચેરી ના વહીવટીય અંકુશ હેઠળ ના અન્ય ગામો મા આવેલ એવી, મુળ અરજદાર અથવા તો, તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ જમીન પર, જરૂર જણાયે વીજભાર વધારા / શીફટીગ / નામ બદલી સાથે, સદર મુળ તા.૦૨–૧૧–૧૧ ની અરજી વાળુ જોડાણ મેળવવા માટે,અથવા તો હાલ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) ને વિભાજન કરી અને તે અન્વયે વિભાજીત કરાયેલ એવા સર્વે નંબર મા બીજુ જોડાણ મેળવવા માટે ની, કાર્યવાહી કરવા માટે ની, અરજદાર શ્રી ને આ સાથે, સદર અરજી ની ૦૧ વર્ષ ની સમયમર્યાદા અંતર્ગત હેઠળ ની , એક તક આપવામા આવે છે. આ તક ને આનુષાંગીક રહી અને અરજદાર શ્રી એ, આ મુજબ ની ઈચ્છા વ્યકત કરતી, ત્વરીતે એક લેખીત અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા આપવાની રહેશે. |
| ૩.૭ | આમ, ઉપરોક્ત મુદ્દા નં.૩.૬ ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ની, સદર તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની અરજી – જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે તે અરજી ને – પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મુજબ ૦૧ વર્ષ ની સમયમર્યાદા વધારી આપવાની કાર્યવાહી, જે પીજીવીસીએલ કક્ષાએથી હાથ ધરવાની પણ, પીજીવીસીએલ પક્ષકાર જાણકારી આપવાની બાબત, જે ફોરમ કમિટી ને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. |
| ૩.૮ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૭ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહી અને અરજદાર શ્રી હાલ તુરંત, તેમના સદર સર્વે નંબર ને ૦૧ વર્ષ ની સમયમર્યાદા સુધીમા, મુળ ગામ ના મુળ સર્વે નંબર તેમજ હાપા પેટા વિભાગીય કચેરી ના વહીવટીય અંકુશ હેઠળ ના અન્ય ગામો મા આવેલ એવી, મુળ અરજદાર અથવા તો, તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ જમીન, અથવા તો મુળ ગામ ના મુળ માંગણી મુજબ ના સર્વે નંબર ને, વિભાજીત કરી અને વિભાજીત ભાગ મા, મુળ તા.૦૨–૧૧–૧૧ ની અરજી વાળુ જોડાણ મેળવવા માટે ની, ઈચ્છા ધરાવતી એવી સાદા કાગળ મા ત્વરીતે લેખીત રજુઆત, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા કરશે તો, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી ના અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ તા.૦૨–૧૧–૧૧ ની અરજી ની મંજુરી ની પ્રક્રીયાધીન એવા ૦૧ વર્ષ ની સમયમર્યાદા વધારી આપવાની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી, પીજીવીસીએલ કક્ષાએથી હાથ ધરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશાત્મક જાણકારી આપવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૯ | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૮ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહી અને, જો અરજદાર શ્રી, તેમની માંગણી મુજબ ના, મુળ ગામ ના મુળ ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) ને, મુળ નામ / વારસાઈ એન્ટ્રી મુજબ ના નામ સાથે, વિભાજન ની પ્રક્રીયા હાથ ધરી અને પુરી કરી અને તે મુજબ ની દસ્તાવેજીક આધાર – પુરાવા ( વિભાજીત સર્વે નંબર ના અદ્યતન સ્થિતી ના દાખલાઓ જેમકે ૭/૧૨, ૮–અ, હકક પત્રક નં.–૬, પાણીપત્રક નં.–૧૬ ) જરૂર જણાયે વીજભાર વધારા / નામ બદલી / શીફટીગ સાથે ની, અથવા તો, હાપા પેટા વિભાગીય કચેરી ના વહીવટીય અંકુશ હેઠળ ના અન્ય ગામો મા આવેલ એવી, મુળ અરજદાર અથવા તો, તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ જમીન પર, જરૂર જણાયે વીજભાર વધારા / નામ બદલી / શીફટીગ સાથે ની, વિધીવત ની નિયત અરજી ફોર્મ મા રજુ કરાયેલ અરજી જે નિયત નોંધણીચાર્જ ભરપાઈ કરીને, પીજીવીસીએલ મા, ૦૧ વર્ષ ની સમયમર્યાદા સુધીમા રજુ કરશે તો, પીજીવીસીએલ તરફથી તેઓશ્રી ની સદર તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની નોંધાયેલ અરજી પરત્વે, સદર નવુ જોડાણ વીજભાર વધારા / નામ બદલી / શીફટીગ સાથે, આપવાની નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત ની તમામ કાર્યવાહી, પીજીવીસીએલ ને હાથ ધરવા બાબતે નો આદેશાત્મક જાણકારી આપવાનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. પરંતુ, જો અરજદાર આ મુજબ, તેમના સદર સર્વે નંબર ને હાલ મા અને ભવિષ્ય મા ૦૧ વર્ષ ની સમયમર્યાદા મા પણ વિભાજીત કરવા ન ઈચ્છતા હોય, તેમજ હાપા પેટા વિભાગીય કચેરી ના વહીવટીય અંકુશ હેઠળ ના અન્ય ગામો |

| | |
|---|---|
| | મા આવેલ એવી મુળ અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામ પર ની અન્ય જમીન પર શીફટીગ કરવા ન ઈચ્છતા ન હોય તો, અરજદાર શ્રી એ આ મુજબ ની – ઈચ્છા ન ધરાવતી લેખીત અરજી, જે ત્વરીતે જ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરવાની રહેશે. જો, આમ થશે તો, અરજદાર શ્રી ની તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની અરજી પરત્વે, સદર સર્વે નંબર મા જ બીજુ જોડાણ આપી શકાશે નહી. તે મુજબ ની અરજદાર શ્રી ને પણ જાણકારી આપવાનો,સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી, જે મુદદા નં. ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે ના કારણોસર ની બાબતો હેઠળ માન્ય રાખવા યોગ્ય નથી. તેમ છતા, મુદદા નં. ૩.૪ અને ૩.૫ મુજબ ની વિગતે ની જોગવાઈઓ ને આનુષાંગીક એવી, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન કાર્યવાહી અંતર્ગત, અરજદાર શ્રી ની સદર અરજી, જે ૦૧ વર્ષ ની સમયમર્યાદા હેઠળ, પડતર રાખવાની જાણકારી પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે. જેથી, મુદદા નં. ૩.૬, ૩.૭ અને ૩.૮ મુજબ ની નિયમાધીન વિગતો ને આનુષાંગીક એવી, અરજદાર શ્રી ની તેમના મુળ માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦ ની જમીન ( ૦૧ હેકટર– ૬૭ આરએ–૩૪ મીટર ) ને, તેઓ શ્રી / તેમના સીધીલીટી ના વારસદાર ના નામે વિભાજન અન્વયે ની જમીન પર સદર નવુ જોડાણ, જે જરૂર જણાયે વીજભાર વધારા / નામ બદલી / શીફટીગ સાથે, મેળવવા માટે ઈચ્છુક હોય તો, અથવા તો હાપા પેટા વિભાગીય કચેરી ના વહીવટીય અંકુશ હેઠળ ના અન્ય ગામો મા આવેલ એવી મુળ અરજદાર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામ પર ની અન્ય જમીન પર, જરૂર જણાયે વીજભાર વધારા / નામ બદલી / શીફટીગ મેળવવા માટે ઈચ્છુક હોય તો, સદર ૦૧ વર્ષ ની સમયમર્યાદા મા, તે મુજબ મુદદા નં. ૩.૯ મુજબ ની વિગતે ની, વિધીસર ની અરજી પીજીવીસીએલ મા રજુ કરશે, તો તે અરજી પર, પીજીવીસીએલ તરફથી તેઓશ્રી ની સદર તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની નોંધાયેલ અરજી પરત્વે, સદર નવુ જોડાણ વીજભાર વધારા / નામ બદલી / શીફટીગ સાથે, આપવાની નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત ની તમામ કાર્યવાહી, જે પીજીવીસીએલ પક્ષકાર ને હાથ ધરવા બાબતે નો આદેશાત્મક જાણકારી આપવાનો હુકમ થયેલ છે. |
| <u>૪.૨</u> | પરંતુ, મુદદા નં. ૪.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની વિધીસર ની અરજી કરવા માટે અરજદાર ઈચ્છુક ન હોય તો, અરજદાર શ્રી એ આ મુજબ ની – તેઓ શ્રી ની ઈચ્છા ન ધરાવતી લેખીત અરજી – જે ત્વરીતે જ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરવાની રહેશે. જો, આમ થશે તો, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની તા.૦૨–૧૧–૧૧ ના રોજ ની અરજી પરત્વે, સદર સર્વે નંબર મા જ બીજુ જોડાણ આપી શકાશે નહી. તે મુજબ ની અરજદાર શ્રી ને પણ જાણકારી આપવા સબબનો,સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.